# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૩.૦૮.૨૦૧૮

--------------------

**મગફળીકાંડ દ્વારા ફરી એક વખત કોંગ્રેસનો કૌભાંડી ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો પડ્યો છે કોંગ્રેસ પાસે કોઇ મુદ્દાઓ નથી. તેમના જ મુદ્દાઓ તેમને બુમરેંગ થાય છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------------

**ભાજપાની આ નિષ્પક્ષ સરકાર દ્વારા મગફળીકાંડમાં થયેલી ગેરરીતીમાં સંડોવાયેલા કોંગ્રેસ કે ભાજપા કોઇપણ પક્ષના હોય તેને છોડવામાં નહી આવે – શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ પાસે કોઇ મુદ્દાઓ નથી. તેમના જ મુદ્દાઓ તેમને બુમરેંગ થાય છે. મગફળીકાંડ દ્વારા ફરી એક વખત કોંગ્રેસનો કૌભાંડી ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો પડ્યો છે. મગફળીકાંડમાંથી બચવા માટે કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા ઢોંગી ધરણાને ગુજરાતની જનતા સુપેરે જાણી ચૂકી છે. આ સમગ્ર કાંડમાં કુલ ૨૯ લોકોની ધરપકડ થઇ છે, જેમાં કોંગ્રેસના કેટલાક આગેવાનોની ધરપકડ થઇ છે તથા ભાજપાના બે કાર્યકરોની ધરપકડ થઇ છે. અત્યાર સુધી જ્યારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ભાજપા સરકારે કોઇની શેહશરમ રાખી નથી. ભાજપાની આ નિષ્પક્ષ સરકાર મગફળીકાંડમાં થયેલી ગેરરીતીમાં સંડોવાયેલા કોંગ્રેસ કે ભાજપા કોઇપણ પક્ષના હોય તેને છોડવામાં નહી આવે. કોંગ્રેસ દ્વારા થઇ રહેલા આ ધરણામાં ગુજરાતની જનતા કે ખેડૂતોનું ક્યાય ભલુ દેખાતુ નથી. કોંગ્રેસે કદી જનતાનું સારૂ વિચાર્યુ જ નથી. જે દર્શાવે છે કે, હંમેશા પ્રજાની સુખાકારી માટે તત્પર એવી ભાજપાની છઠ્ઠીવાર ગુજરાતમાં જીત થઇ છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ પહેલાથી જ જુઠ્ઠું બોલવા ટેવાયેલી છે, નેહરૂથી લઇ રાહુલ ગાંધી સુધીના બધા કોંગ્રેસીઓ જુઠ્ઠાણાં ફેલાવવામાં માહિર છે. સમગ્ર દેશ અને ગુજરાતની જનતાએ ભ્રષ્ટાચારી કોંગ્રેસને જાકારો આપ્યો છે ત્યારે સસ્તી પ્રસિધ્ધિ મેળવવા કોંગ્રેસના નેતાઓ જુઠ્ઠા આક્ષેપો કરી ધરણાના નાટક કરી રહ્યા છે. ભાવનગર ખાતે થયેલા ધરણામાં કોંગ્રેસના વિપક્ષ નેતા આવીને જુઠ્ઠુ ચલાવીને જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કરે છે જેમાં તેમના જ પદાધિકારીઓની પૂરતી હાજરી હોતી નથી. આવી રીતે ઢોંગ કરીને આવા નાટક કરીને ગુજરાતની જનતાજનાર્દનના વિશ્વાસ જીતવાનો નિષ્ફળ પ્રયાસ કરતી કોંગ્રેસ કદી ફાવી શકવાની નથી.

શ્રી વાઘાણીએ હંમેશા ખોટા આક્ષેપો કરનારી કોંગ્રેસને વખોડતા જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની નિષ્પક્ષ તથા તટસ્થ ગુજરાત સરકાર આ કાંડમાં કોઇપણ સંડોવાયેલ હશે, તે પછી ચાહે ભાજપાના હોય કે કોંગ્રેસના કોઇને પણ છોડવામાં નહી આવે તેવી ખાત્રી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. તે જ દર્શાવે છે કે, રાજ્ય સરકાર પ્રતિબધ્ધતાપૂર્વક કામગીરી કરી રહી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ